

મંત્રીજી, ગોપાલ કાંડા એર-હોસ્ટેસ મામલામાં સપડાયા છે એટલે સેફ્ટી ખાતર આપના હવે પછીના પ્રવાસો માટેની ટિકીટ્સ મેં રેલવેમાં જ બૂક કરાવી છે !

જીવને જે પ્રાપ્ત થાય છે તે ઈશ્વરનો જ અનુગ્રહ છે

દેવાએ તારકાસુરને મારવા શિવજીના લગ્ન થાય તે જરૂરી હોઈ કામદેવને શિવજીનું ધ્યાન ભંગ કરવા તૈયાર કર્યા. જેથી શિવજી આંખ ખોલશે પાર્વતિ સામે જોશે અને મોહિતી થઈ જશે. પરંતુ પ્રભુએ આંખ સામે ઉભેલ હતા અને કામદેવનું તણખલાની માફક દહન થયું. ત્યારે પાર્વતિ જમાં સૌદર્ય છે તે કામદેવનું જ છે દેવી પાર્વતિનું સૌદર્ય લાવણ્યવાળુ હતું. શિવજી કામ દહન કરી ઉભા થઈ જતા રહ્યા. પાર્વતિ મૂર્છિત થઈ ગયા. પિતા હિમાલય દેવીને ઘેર લઈ ગયા. લાવણ્ય જે ખરેખર વ્યક્તિત્વના સારભૂત છે. જેમ લવણ સર્વરસોઈના સારભૂત છે. તેના ઉપરથી જ લાવણ્ય શબ્દ આવેલ છે. પુષ્પદંતજી કહે છે. શંભુ આસકત થાય માટે પાર્વતિને સામે ઉભા રાખ્યા હતા. પ્રભુ આપ કોઈપણ સ્ત્રી પ્રત્યે કે સૌદર્યને વશ થતા નથી. આપ કામવિજયી છો. કોઈપણ રીતે પ્રભુમાં આસક્તિ જન્માવી શકાતી નથી. પાર્વતિને એમ થાય કે પ્રભુ મારાથી આસકત થયા તો તે તેમની ભ્રમણા જ છે. પાર્વતિ શરૂમાં ઘરમાં તપ કરતા ત્યારબાદ ઘનઘોર વનમાં જઈ તપ કરે છે. ઘોર તપસ્યા કઠીનતાને પ્રાપ્ત કરે છે. અન્ન, પાનનો ત્યાગ કર્યો છતાં પ્રભુ પ્રસન્ન થઈ સામે નથી આવ્યા. પરંતુ, દઢ તપશ્ચર્યા ત્યાગ વિગેરે જોઈ તેમની સામે પ્રગટ થાય છએ અને પાર્વતિની ઈચ્છા હતી તેની માત્ર પૂર્તિ જ નહિ, પરંતુ પોતાના આધદિહમાં સ્થાન આપી દીધું.

હે વરદ આપ ભકતવત્સલ થઈ કોઈ આપે નહિ તેવું વરદાન આપી દીધું આવી રીતે પ્રભુએ પાર્વતિજીને પોતાની સાથે રાથી લીધા. તેમનો દેહ અર્ધનારિશ્વર થઈ ગયો. શિવશક્તિ એક થઈ ગયા તેથી ત્રિભુવનમાં સર્વત્ર આનંદ થયો. કૈલાસમાં સ્થાયી થયા. માટે ગૌરીવ્રતમાં શિવ જેવા પતિની માંગણી કુવારિકાઓ કરે છે. શબ્દનું ઉચ્ચારણ કરીએ તો તેનો અર્થ બુદ્ધિમાં ઉપસ્થિત થાય છે. શબ્દનું ઉચ્ચારણ કરીએ તો તેનો અર્થ બુદ્ધિમાં ઉપસ્થિત થયા છે. શબ્દ અને અર્થનો અભિન્ન સંબંધ છે તેવો શિવ-પાર્વતિનો સંબંધ છે. પુષ્પદંતજી કહે છે કે, પાર્વતિજીને જો કદાચ એવો વિચાર આવે કે, મારા લાવણ્ય ઉપર આસકત થઈ પ્રભુએ મારો સ્વિકાર કર્યો છે. તો પ્રભુએ માત્ર ભકતવત્સલતાથી સ્વિકાર કર્યો છે. આસક્તિથી નહિ. ભગવાન તો સદાય સંયમમાં પ્રતિષ્ઠિત છે. દેવીએ દક્ષના યજ્ઞમાં દેહ ત્યાગ કર્યો. ત્યારે દેવોની વિનંતીથી યજ્ઞ સંપન્ન કરવા ભગવાન દક્ષને ફરી જીવત કરે છે. ત્યારે દેવીના મૃતદેહને પડેલો જોઈ સતી ઉપર સ્નેહ આવે છે તેમના દેહને ઉચકી ત્રિલોકમાં વિચરણ કરતા હતા. ત્યારે ભગવાન વિષ્ણુ ૬૪ (ચોસઠ) ટૂકડામાં સતીના દેહને વિભાજીત કરે છે. જેથી ફરતા ફરતા એક એક અંગ જમાં પડ્યું ત્યાં તે પીઠ તરીકે પૂજાય છે. દેવીનો દેહ આ રીતે વિભાજીત થતાં પ્રભુ સમાધિમાં બેસી જાય છે.

શક્તિ કયારેય શક્તને છોડીને રહેતી નથી. માયાનું બ્રહ્માથી અલગ અસ્તિત્વ નથી. શક્તિ શિવથી અભિન્ન થઈને રહે છે. શક્તિનું કયારેક વ્યકત કે અવ્યકત થવાપણું હોય છે. જે પોતાનાથી સ્વતંત્ર સત્તા ધરાવતી નથી અને ઈશ્વર શક્તિને લઈને જ ઈશ્વરત્વ અભિવ્યકત કરે છે. પરમાત્માના અપાર સ્વરૂપને સાક્ષાત મહામાયા પણ સમજવામાં થાપ ખાઈ જાય છે તો સામાન્ય જીવનું તો શું ગજું ? જીવને જે પ્રાપ્ત થાય છે તે ઈશ્વરનો જ અનુગ્રહ છે તેની જ દયા, કરૂણાના પ્રતાપે છે. તેથી કરૂણા સામે મારો પ્રયત્ન બહુ જ અલ્પ છે મારી ભક્તિ, તપ કે પ્રયત્નથી પ્રભુએ આ બધુ મને આપ્યુ તેમ કદાપિ ન સમજવું. માત્ર કરૂણાનું વાત્સલ્યનું જ પરિણામ છે તેની સામે મારી પ્રાર્થના બહુ નાની પડે છે. ભકત વિચારે કે તેની જ કૃપાથી ગુરુ ભક્તિ કરી શકું છું. સર્વત્ર કરૂણાનું વાત્સલ્યનું જ પરિણામ છે. તેની સામે મારી પ્રાર્થના બહુ નાની પડે છે. ભકત વિચારે કે તેની જ કૃપાથી ગુરૂ ભક્તિ કરી શકુ છું, સર્વત્ર કરૂણાના જ દર્શન કરે છે.

શ્લોક - ૨૪

વિરુદ્ધ ધર્મને ધારણકરનાર પણ જેના સ્વરૂપમાં કોઈ વિરોધ નથી અને વિરોધ કરનારનુંપણ મંગલ કરે છે. એવા આસુતોષ શિવ, શંભુ મંગલકારી છે. (કલ્યાણ કરોતિ ઈતિ શંકર) શંકર કલ્યાણ કરનાર જ છે. ભગવાન મંગલકારી સેવા છતાં બહારથી અમંગલ દેખાય છે. આવા અમંગલ શિવને ભજનારનુ મંગલ થાય છે. જેને જગત સાથે કોઈ લેવા નથી. હંમેશા પોતાના જ આનંદમાં વિચરણ કરે છે તેમની ઉદાસીનતા, અંગતતા અને જ્ઞાનસ્વરૂપ આ બધુ તેમાં દેખાય છે. જે ભૂજંગ(સાપ)ને ધારણ કરે છે તે વિષવાળો હોવા છતાં ભય કે ડર નથી. ચંદ્રના અમૃતથી મોહિત નથી, ગંગાની ધારાથી પવિત્ર થઈ જતા નથી. મુંડમાલા ધારણ કરે છે. તેનાથી અશુદ્ધ થઈ જતા નથી. ચિતાની ભસ્મથી ઉદવેગ કે ગૌરીના આલિંગ્ગની તેમને સુખ થતું નથી. તે ત્રિલોકના નાથ હોવા છતાં સસરાના ઘરમાં (કૈલાસ હિમાલયમાં છે) રહે છે. ભગવાન વિષ્ણુ પણ લક્ષ્મીજી સમુદ્રમાંથી પ્રગટ થયેલ ત્યાં સસરાના ઘરમાં રહે છે.

સર્વ સૌદર્ય હોવા છતાં, હિરામોતી માણેક હોવા છતાં ભભૂતિ જ લગાવે છે તેના અપાર મહિમાનો કોઈ પાર પામી શકતુ નથી.

એસ. એસ. પટેલ કૉલેજ ઑફ એજ્યુકેશનમાં નેશનલ સેમિનાર

ગાંધીનગર તા.૧૨

શ્રી કડી સર્વ વિશ્વવિદ્યાલયની એસ.એસ.પટેલ કોલેજ ઓફ એજયુકેશનમાં ફેકલ્ટી ઓફ એજયુકેશનના ડીન પ્રા. વીણાબેન પટેલના અધ્યક્ષ પદે નેશનલ સેમિનાર રોલ ઓફ આઈક્યુ એસી ફોટ કવૉલીટી એન્ફાસમેન્ટ ઈન એજયુકેશન પર યોજાઈ હતી.

હેમચંદ્રચાર્ય ઉ.ગુ. યુનિવર્સિટીના ઉપ-કુલપતિ પ્રા. જીતેન્દ્રભાઈ પંચોલી, વાઈસ ચેરમેન ડૉ. કનુભાઈ પટેલ, ડી.ટી. કાપડીયા, ડૉ. સોમાભાઈ પટેલ, ડૉ. આર.જે વ્યાસનું સ્વાગત કરવામાં આવ્યું હતું.

ગુજરાત અને અન્ય રાજ્યોની યુનિવર્સિટીમાં પેપર પ્રેજન્ટેશન રજૂ કરવામાં આવેલ હતા. સેમિનારના બીજા દિવસે કેલોરેક્ષ યુનિવર્સિટીના રજીસ્ટ્રાર ડૉ. શૈલેશ ગુપ્તાએ વિવિધતા સભર ઉદાહરણો આપીને સમજાવ્યા હતા. સમાપન સમારોહમાં પેપર રજૂ કરનાર અધ્યાપકોએ પોતાનું ફીડબેક રજૂ કરેલ હતું.

ડૉ. જીજ્ઞાસાબેન જોશીએ આભાર વ્યકત કર્યો હતો. ડૉ. સંજય ગુપ્તા. ડૉ. જિજ્ઞાસાબેન જોશી, ડૉ. ભાવિક શાહ, પ્રા. દેવાંગ મહેતાએ કામગીરી બજાવી હતી.

કડી સર્વ વિશ્વવિદ્યાલયના વિદ્યાર્થી મોંઘજીભાઈ ચૌધરી પીએચડી થયા



ગાંધીનગર, તા. ૧૨

ભીખાભાઈ આટ્ર્સ કૉલેજ, આણંદમાં સંસ્કૃતના અધ્યાપક તરીકે સેવાઓ આપતા શ્રી મોંઘજીભાઈ બાબુલાલ ચૌધરીએ તાજેતરમાં કડી સર્વ વિશ્વવિદ્યાલય, ગાંધીનગરમાંથી 'શ્રીરામચંદ્રસૂરિકૃત રઘુવિલાસોદ્ધાર - એક સમીક્ષાત્મક અધ્યયન' એ વિષય પર સંશોધન કાર્ય કરી પીઍચડીની પદવી પ્રાપ્ત કરી છે. તેમણે આ સંપૂર્ણ મહા શોધનિબંધ સંસ્કૃત ભાષામાં તૈયાર કર્યો છે અને તેઓ કડી સર્વ વિશ્વવિદ્યાલયમાંથી સંસ્કૃત વિષયમાં પીએચડીની પદવી પ્રાપ્ત કરનારા પ્રથમ વિદ્યાર્થી છે.

આ મહા શોધનિબંધ તેમણે સંસ્કૃત વિષયના વિદ્વાન પ્રૉ. ડૉ અંબાલાલ મો. પ્રજાપતિના માર્ગદર્શન હેઠળ તૈયાર કર્યો હતો. ડૉ પ્રજાપતિના માર્ગદર્શનમાં પીએચડીની પદવી પ્રાપ્ત કરનારા તેઓ ૨૦મા વિદ્યાર્થી છે.

સ્કૂલ ઑફ ઍચિવરમાં જન્માષ્ટમી પર્વ ઉજવાયું

ગાંધીનગર, તા. ૧૨

ગાંધીનગર જિલ્લાના કુડાસણ ગામે આવેલી સ્કૂલ ઓફ એચિવર શાળામાં તાજેતરમાં કૃષ્ણ જન્મોત્સવની ઉત્સાહપૂર્વક ઉજવણી કરવામાં આવી હતી. શાળાના અંગ્રેજી માધ્યમ અને ગુજરાતી માધ્યમના વિદ્યાર્થીઓએ, શિક્ષકોએ સમગ્ર કાર્યક્રમને વિવિધ પ્રવૃત્તિઓથી રસસભર બનાવ્યો હતો.

એસ.એસ. પટેલ એજ્યુકેશન એન્ડ ચેરીટેબલ ટ્રસ્ટ સંચાલિત તથા સ્કૂલ ઓફ એચિવર કુડાસણના ગુજરાતી-અંગ્રેજી માધ્યમના શાળા પરિવારના સંયુક્ત આયોજનથી જન્માષ્ટમી પર્વની ભક્તિભાવભરી ઉજવણી સંપન્ન થઈ, જેમાં મેનેજીંગ ટ્રસ્ટી પ્રજ્ઞેશ પટેલની પ્રેરક ઉપસ્થિતિ સાથે બંને માધ્યમના પ્રિન્સિપાલ, પદાધિકારીઓ, શિક્ષક પરિવાર તથા કે.જી. થી ધો. ૧૨નાં તમામ વિદ્યાર્થી ભાઈબહેનોએ મોટી સંખ્યામાં હાજર રહી કાર્યક્રમ માણ્યો હતો. શાળાના વિશાળ ગ્રીન ગાર્ડન પરિસરમાં યોજાયેલા આ સુંદર કાર્યક્રમમાં પ્રારંભે પ્રાર્થના, ડિવોન્સલ સોંગ, ગ્રૂપ ડાન્સ રાસ ગરબા સાથે મટકી ફોડનો નૃત્યગાન સાથેનો કાર્યક્રમ સવારે ૧૦.૩૦ થી ૧૨.૦૦ દરમિયાન યોજાયો હતો. શાળા પરિવારના શિક્ષક ભાઈબહેનોએ ટ્રેડીશનલ પહેરવેશમાં વિદ્યાર્થીઓ સાથે રાસગરબામાં જોડાઈને અનેરુ પ્રોત્સાહન પુરૂ પાડ્યું હતું. સમગ્ર કાર્યક્રમનું સુંદર પ્રાસંગિક એન્કરીંગ મૌસમીબેન રાઠોડ તથા નિશાબેને કર્યુ હતું. શિલ્પાબેન પંડ્યા, જયશ્રીબેન ઉપલા, સીમાબેને કો-કન્વીનરની ભૂમિકામાં સૌને માર્ગદર્શન આપ્યું હતું. એમ અંગ્રેજી માધ્યમના પ્રિન્સિપાલ શ્રીમતી સતી વેણુગોપાલે અખબારી યાદીમાં જણાવ્યું છે. ગુજરાતી માધ્યમના પ્રિ. કે. એસ. પટેલે સૌને જન્માષ્ટમી પર્વે શુભેચ્છા પાઠવી છે.

તાલુકા કક્ષાની કબડ્ડી સ્પર્ધામાં શેઠ સી.એમ. હાઈસ્કૂલના વિદ્યાર્થીઓ પ્રથમ

ગાંધીનગર, તા. ૧૨

ગાંધીનગર શહેર પશ્ચિમ વિભાગ વ્યાયામ મંડળ દ્વારા તાજેતરમાં અંડર-૧૭ ભાઈઓની કબડ્ડીની સ્પર્ધા વસંત માધ્યમિક શાળા સે.-૧૩માં યોજાઈ હતી. ફાઈનલમાં શેઠ સી.એમ. હાઈસ્કુલ વિજેતા બની હતી. કબડ્ડીની ટીમમાં હવશી દેસાઈ, વિશાલ ઠાકોર, નીતિન પટેલ, રોનક ભરવાડ, સચિન પટેલ, નિર્મલ પટેલ, નાગેન્દ્ર ચંપાવતની ટીમે સારો દેખાવ કર્યો હતો. પ્રથમ નંબર મેળવી શાળાનું ગૌરવ વધારેલ છે.

મહુડી મુકામે જિલ્લાકક્ષાની કબડ્ડી સ્પર્ધા માટે પસંદગી કરવામાં આવી છે. પ્રહલાદભાઈ પટેલ, લાભુભાઈ દેસાઈ, સંજયભાઈ પટેલે તાલીમ આપી હતી. આચાર્ય બી.કે. પટેલે શાળા પરિવાર તરફથી અભિનંદન આપ્યા હતા.

ભરૂચ-નર્મદા જિલ્લા મિત્ર મંડળનો ઈનામોત્સવ યોજાશે

ગાંધીનગર, તા.૧૨

ભરૂચ-નર્મદા જિલ્લા મિત્ર મંડળ, ગાંધીનગરના ઉપક્રમે મંડળના બાળકોને પ્રોત્સાહક ઈનામ આપવાનો કાર્યક્રમ તા. ૯મી સપ્ટેમ્બર ૨૦૧૨ને રવિવારે સવારે ૯ થી ૧ કલાક દરમિયાન ડૉ. બાબાસાહેબ આંબેડકર ભવન, સેકટર-૧૨, ગાંધીનગર ખાતે યોજાશે.

સામાન્ય સભામાં ઠરાવ્યા મુજબ જે સભ્યોના સંતાનો નોકરી-ધંધો કરતા હોય તેમના બાળકોની માર્કશીટ જો તેઓ સભ્યપદ લીધેલું હશે તો જ સ્વીકારવામાં આવશે. બાળકોની વાર્ષિક પરીક્ષાની માર્કશીટની નકલ પાછળ નામ, સરનામું તથા ટેલિફોન નંબર દર્શાવી રૂબરૂ અથવા પ્રતિનિધિ મારફતે તા. ૧૫મી ઓગષ્ટ ૨૦૧૨ સુધીમાં મોકલી આપવા જણાવ્યું છે. આ અંગેની વધુ વિગતો મોતીસિંહ અટોદરિયા મો.નં. ૯૪૨૬૩૫૬૭૮૪, રણજીત પટેલ મો.નં. ૯૪૨૮૪૧૭૧૨૨ અથવા અનિલ પટેલ મો.નં. ૯૯૨૪૫૯૯૨૦૨ પર સંપર્ક કરવાથી મળી શકશે એમ પ્રમુખ પ્રવીણ મહેતાએ જણાવ્યું છે.

આર.એચ. પટેલ ઈંગ્લિશ મિડિયમ બી.એડ. કોલેજમાં એજ્યુકેશન ફોરમ યોજાઈ

ગાંધીનગર, તા. ૧૨

કડી સર્વ વિશ્વ વિદ્યાલય, ગાંધીનગર સંલગ્ન આર.એચ. પટેલ ઈંગ્લિશ મિડિયમ બી.એડ. કલેજમાં તાજેતરમાં એજ્યુકેશન ફોરમ નામનાં શૈક્ષણિક કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું.

વર્તમાન પ્રવાહમાં દેશ વિદેશમાં બનતા બનાવો, ઘટનાઓ, સંશોધનો તેમજ કાયદા-કાનૂનને એક શિક્ષણના ભાગરૂપે તેના ફાયદા ગેરફાયદા, તેનો અમલ અને પ્રભાવ વિશે પ્રેઝન્ટર, ચેર પર્સન તથા સમગ્ર ફેકલ્ટી મેમ્બરની હાજરીમાં તમામ પ્રશિક્ષણાર્થીઓ સમક્ષ ચર્ચામાં મુકવામાં આવે છે અને અંતે તેનું રીપોર્ટીંગ કરવામાં આવે છે.

કોલેજના એજ્યુકેશન ફોરમ કાર્યક્રમના પ્રથમ શેશનમાં 'રાઈટ ટુ એજયુકેશન' ટોપીક સાથે અપર્ણા કુલકર્ણીએ શિક્ષણના અધિકાર કોને, કઈ રીતે, શા માટે, ક્યારે તથા તેમાં સફળતા નહીં મળવના કારણે તથા ઉપાયો વિશેની ચર્ચા સમગ્ર કોલેજના પ્રશિક્ષણાર્થીઓ સમક્ષ કરવામાં આવી હતી હવે પછીના બીજા શેશનમાં ભ્રષ્ટાચાર વિષય પર ખુશ્બુ પાંડે સ્પીકર તરીકે અને ચેર પર્સન તરીકે યોગીની પટેલ ભૂમિકા નિભાવશે.

રૉટરી ક્લબ ઑફ ગાંધીનગર દ્વારા જૂના સચિવાલય કેન્ટીન ખાતે ચૅસ સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું, જેમાં બાળ વયના ખેલાડીઓથી માંડીને વયસ્ક ખેલાડીઓ સુધીના સઘળા ખેલાડીઓએ ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો. (તસવીર : દિપક જાની)

શબ્દ સરવાણી

દોહો

જાકા ગુરુ હૈ આંધરા, ચેલા ખરા નિરંધ
અંધે કો અંધા મિલા, પડા કાલ કે ફંદ

જોડકણું

શિર મૂંડાવ્યે ત્રણ સુખ, જાયે જૂની ખાજ
ખાવાને લાડુ મળે, લોક કહે મહારાજ

સુભાષિત

ખૂંદી ખમે માતા પ્રથમી, વાઢી ખમે વનરાઈ,
કઢણ વચન સાધુડાં ખમે, નીર તો સાગરમાં સમાઈ

ચોપાઈ

શ્રદ્ધા બિના ધર્મ નહિ હોઈ
બિનુ મહિ ગંધ કિ પાવઈ હોઈ ?
(જેમ પૃથ્વી તત્ત્વ વિના આ જગતમાં ગંધ-સુગંધ નથી
તેમ શ્રદ્ધા વગર ધર્મ શક્ય જ નથી)

સોરઠો

સુખમાં પ્રીતિ સવાઈ, દુખમાં મોં ટાળા દિયે,
તે પાસે કોણ જાય ? રામ કચેરી રાજિયા.

છપ્પો

હરિને કાજે ઘાટ જ ઘડે નિજ સ્વરૂપથી પાછો પડે
પર્વત કહે હું પાણો લહુ, એ જ આશ્ચર્ય તે કોને કહું ?
અખા થકી તે બીજો પરિ જેમ પર્વતમાંથી પાણ જ ખરી

શ્લોક

દુર્જન: પરિહર્તવ્યો વિદ્યયાલંકૃતોऽપિ સન ?
મણિના ભૂષિત: સર્પ ક્મિસૌ ન ભયંકર ?
(વિદ્યાથી શોભતો જો દુર્જન હોય તો તેનાથી દૂર રહેવું,
મણિથી શોભતો નાગ શું ડંસતો નથી ?)

શીખ

કજિયાનું મૂળ હાંસી
રોગનું મૂળ ખાંસી

સંકલન : પી એમ પરમાર 'દર્શન'

મેહુલો રેલાયો

પવને ચગી ફૂંકાયો સૂસવાટે
જાણે લાહ્ય અગનછોળો વછૂટી !
શ્યામલ ઘન ચડ્યાં હડિયાદોટે,
જાણે પવનતોખાર પાંખો ફૂટી !
નભોમંડળે ખાંડાખેલ ખેલાયો,
ગગનરણે તોપો ધણાધણ ફૂટી !
ધરતીનો ધણી મેહુલો રેલાયો,
મધુરી પરિમલ પમરાટ છૂટી !
નાચે મોરલા, કરે કળા ત્રિભંગ,
દિલડાની ઢળકતી ઢેલ ગહેકી !
સૌ સૃષ્ટિમાં ઉમટ્યો ઉમંગ,
સુવાસ ધરતીની ઊઠી મહેકી !
ધખતી ધરાએ શીતળતા ધરી,
થૈ 'દધિ' દિલે હાશ ! ઉમંગભરી !

- મૂળજીભાઈ પરમાર 'દધિ'

તખુભાઈ સાંડસુરનાં પુસ્તકોનો વિમોચન સમારોહ યોજાયો

ગાંધીનગર, તા. ૧૨

ભાવનગર જિલ્લાના તખુભાઈ સાંડસુરના બે પુસ્તકો 'મધુવનનો મારગ' અને 'શિક્ષણ માંગલ્ય'નો વિમોચન સમારોહ તાજેતરમાં લોક વિદ્યાલય વાળુકડ ખાતે ગૌરવપૂર્ણ રીતે સંપન્ન થયો હતો.

ગુજરાતી સાહિત્યના વિવેચક ડૉ. બળવંત જાનીએ લેખકની કલમ અનેક રીતે પ્રયોગાત્મક હોવાનું જણાવ્યું હતું જયારે પાટણના શિક્ષણાધિકારી નૈષધ મકવાણાએ શિક્ષણમાં તખુભાઈના પર્દાપણને અમુલ્ય ગણાવ્યું હતું. શિક્ષણવિદ ડૉ. મનહર ઠાકરે તેમની કલમના વિવિધ પાસાઓ ઉજાગર કર્યા હતા.

લેખક પત્રકાર તખુભાઈ સાંડસુરે પોતાના સર્જનો શાળાઓ અને વિદ્યાર્થીઓ માટે વ્યક્તિત્વ વિકાસના દ્યોતક હોવાનું જણાવ્યું હતું. કાર્યક્રમમાં જિલ્લાના સાંસદ ડૉ. મનસુખભાઈ માંડવિયા અને પરશોત્તમભાઈ રૂપાલાએ ઉપસ્થિત રહી પ્રેરકબળ પુરૂ પાડ્યું હતું.

આ પ્રસંગે જિતેનસિંહવાળા, શંભુાઈ વેંકાણી, રાજેન્દ્રભાઈ શેખવા, બાબુભાઈ જેલબિયા, બી.એસ. જેલબિયા વગેરે હાજર રહ્યા હતા.

એસ.એસ.પટેલ કૉલેજમાં દેશ ભક્તિ ગાનની સ્પર્ધા

ગાંધીનગર તા.૧૨

એસ.એસ.પટેલ દ્વારા કોલેજ ઓફ એજયુકેશન દ્વારા તાલીમાર્થીઓનાં દેશ ભક્તિની ભાવના પ્રજવલિત થાય તે હેતુથી દેશ ભક્તિગીત ગાન સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું. તાલીમાર્થીઓને દેશ ભક્તિના ગીતો રજૂ કરેલ હતા. નિર્ણાયક તરીકે ભરતભાઈ પટેલ, નરેન્દ્રભાઈ સેવાઓ આપેલ હતી. આ સ્પર્ધામાં નેહલ નાયક પ્રથમ નંબરે, ઉર્વશી પરમાર અમદાવાદ દ્વિતીય ક્રમે, કૃપેશા ત્રિવેદી તૃતીતય ક્રમે આવેલ હતી. સંચાલન વૈભવી જાનીએ કર્યું હતું.

ગાંધીનગરના જનસમૂહને ઉપયોગી એક માહિતીસભર અદ્વિતિય વેબસાઈટ એટલે ગાંધીનગર પોર્ટલ

આજનો યુવા વર્ગ ઉત્સાહી, મહત્ત્વાકાંક્ષી અને નિત્ય નવાં શિખરો સર કરવા તત્પર રહે છે. સામાન્યતઃ કોઈપણ પ્રવૃત્તિના અંતે આશય તો ધન ઉપાર્જન કરી સુખમય જીવન વ્યતીત કરવાનો હોય છે. પરંતુ કેટલાક યુવાનો એવા પણ જોવા મળે છે કે પોતાની તકનીકી જાણકારીનો ઉપયોગ ધનોપાર્જન પૂરતો સીમિત નહીં રાખતા, સમાજને મહત્તમ લાભ મળે એવા શુભાશયથી કરતા હોય છે. પોતાની તકનીકી આવડત-બુદ્ધિપ્રતિભા સમાજને વિશેષ ઉપકારક નીવડે એમાં નિજાનંદ માણતા યુવાનો આજે પણ ગાંધીનગરમાં કાર્યરત છે ! આવું જ આપણા ઘરઆંગણે બનવા પામ્યું છે, જેની જાણકારી મેળવવાની દરકાર સહુ કોઈએ લેવી જ રહી !

બિટાનેટ કન્સલ્ટન્સી પ્રાઈવેટ લિમીટેડનું સંચાલન કરતા આ યુવાનોએ નવીનતાસભર અને આગવી વેબસાઈટ શરૂ કરેલ છે, જેમાં ઘરગથ્થુ જરૂરિયાતોથી શરૂ કરી યુવાનોને ધંધો-ઉદ્યોગ વિકસાવવામાં તો સામાન્ય જનસમૂહને સરકાર સાથે કામ પાર પાડવામાં ઉપયોગી થઈ પડે તેમ છે. પ્રાથમિક તબક્કે ગાંધીનગર શહેરને લક્ષમાં લઈએ તો તેના સ્થાપના કાળ (તા. ૨-૮-૧૯૬૫)થી આજદિન સુધી કાપેલી મજલ, શહેરની ડેમોગ્રાફી, સ્થાનિક જોવાલાયક સ્થળો, રાજ્ય તથા કેન્દ્ર સરકાર સંચાલિત શૈક્ષણિક સંસ્થાઓ, વિવિધ વિદ્યામંડળો દ્વારા સંચાલિત ઈજનેરી-તકનીકી-વ્યાપાર સંચાલન વિષયોની શૈક્ષણિક સંસ્થાઓ, પ્રવાસીઓને ઉપલબ્ધ લોજીંગ-બોર્ડીંગ સેવાઓ, આરોગ્ય વિષયક તાત્કાલિક સેવાઓ વગેરેનો આ વેબસાઈટમાં સમાવેશ કરવામાં આવેલ છે.

www.gandhinagarportal.comનું આયોજન એ શુભ હેતુથી પ્રારંભાયું હતું કે શહેરના નાગરિકો, યુવાનો અને વિદ્યાભ્યાસમાં રત વિદ્યાર્થી ઈન્ટરનેટ મારફતે આવશ્યક માહિતી-વિગતો સરળતાથી સર્ફ કરી શકે અને વિવિધ જાહેર સેવાઓની જરૂરી માહિતી મેળવી શકે, જેમાં ગુજરાત સરકારની વિવિધ યોજનાઓનો સમાવેશ થાય છે.

ગાંધીનગર પોર્ટલ-વેબસાઈટ ઉપરથી નીચે દર્શાવેલી માહિતી-વિગતો ડાઉનલોડ થઈ શકે છે :-

- જનસેવા કેન્દ્ર (Civic Centre) તરફથી જુદા જુદા પ્રકારની માહિતી મેળવવા સારુ નિયત કરવામાં આવેલ અરજી ફોર્મ.
- પ્રાદેશિક વાહન વ્યવહાર કચેરી (RTO), ગાંધીનગર શહેરી વિકાસ સત્તામંડળ (GUDA), ટેલીકોમ અને એનર્જી વિષયક માહિતી.
- રાજ્ય સરકાર તથા સિનીયર સિટીઝન અને જુનિયર સિટીઝન તરફથી ઉપલબ્ધ કરવામાં આવતી આવશ્યક તાત્કાલિક જાહેર સેવાઓ.
- જાહેર વાહનવ્યવહાર તથા રેલવે વિષયક માહિતી (Public Transport)
- ગુજરાત સરકાર અને આનુષંગિક ખાતાઓ દ્વારા અમલમાં મૂકાયેલ યોજના વિષયક માહિતી અને તેને લાગુ પડતા અરજી ફોર્મ્સ વિ.
- અગત્યની સરકારી web-links
- ધંધા-ઉદ્યોગ-વ્યવસાય શરૂ કરવા માટેની સરકારના વિવિધ બૉર્ડ-નિગમો દ્વારા વખતોવખત મૂકવામાં આવતી યોજનાઓ-જાહેરાતો.
- આપણને જાણીને નવાઈ લાગશે અને આનંદ પણ થશે કે ગાંધીનગર પૉર્ટલ ગાંધીનગરમાં યોજાતી સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ (નવરાત્રી મહોત્સવ, સંસ્કૃતિ કુંજ) વેબસાઈટ પર મૂકી જાહેર જનતા (પરદેશમાં વસવાટ કરતા ગુજરાતીઓ)ને ગુજરાતની અસ્મિતાના સંપર્કમાં રાખે છે. છેલ્લા એક વર્ષ દરમ્યાન ગાંધીનગર કલ્ચરલ ફોરમ દ્વારા આયોજિત નવરાત્રી મહોત્સવની દરિયાપારમાં વસવાટ કરતા ગુજરાતીઓ મોજ માણી રહ્યા છે. આ જ પ્રકારે સંસ્કૃતિ કુંજમાં યોજાતા વિવિધ રાજ્યોના લોકનૃત્ય જેવા કાર્યક્રમો વેબસાઈટ પરથી ડાઉનલોડ કરી શકાય છે. તાજેતરમાં સિટી પલ્સ મુકામે યોજાયેલ ત્રિદિવસીય સાહિત્ય અને ફિલ્મ વિષયક સેમિનારના કેટલાક અંશો ગાંધીનગર પોર્ટલે વેબસાઈટ પર મૂક્યા હતા. જેમાં ગોવિંદ નિહલાની, અમૃત ગંગર, વિજય રંચન, અરૂણકુમાર નિગમ અને અશોક દવેએ રજૂ કરેલ ચિત્રપટ વિશ્વની તવારીખનો સમાવેશ થયો હતો.

વાઈબ્રન્ટ ગુજરાતના નેજા હેઠળ મહાત્મા મંદિર ખાતે યોજાયેલ ઉદ્યોગ વિષયક સમિટનું કવરેજ ગાંધીનગર પોર્ટલ દ્વારા કરવામાં આવ્યું હતું તો વળી મહાત્મા મંદિર ખાતે મળેલ Agro Expo, કિસાન સંમેલન, પંચાયત પદાધિકારીઓનું સંમેલન અને મહિલા સંમેલનની ગતિવિધ વેબસાઈટ પરથી નિરખી શકાય છે.

ગાંધીનગર પોર્ટલે એક નવતર પ્રયોગ તરીકે વેપાર-ધંધા અને ઉદ્યોગ વિષયક વેબસાઈટ વિકસાવી છે, જેમાં પ્રૉપર્ટી ઉપરાંત વ્યાવસાયિક સેવાઓ અને સ્થાનિક બજારના આરોહ-અવરોહની અદ્યતન વિગતો-માહિતીનો સમાવેશ થાય છે. યુવા ઉદ્યોગ સાહસિકો આ વેબસાઈટ પરથી પસંદગીના વ્યવસાય-ઉદ્યોગમાં કારકિર્દી વિકસાવી શકે છે.

સ્માર્ટફોન યુઝર્સને ઉપયોગી નીવડે એવી ગાંધીનગર પોર્ટલ એન્ડ્રોઈડ એપ્લીકેશન તાજેતરમાં ગાંધીનગરના સ્થાપના દિન નિમિત્તે તા. ૨ ઑગષ્ટ, ૨૦૧૨ના રોજ લોન્ચ કરવામાં આવી છે, જેના પરિણામે અદ્યતન ટૅકનોલૉજી વિષયક સહુ કોઈને લાભકર્તા નીવડે એવી વિગતો ઉપલબ્ધ થઈ છે. મોબીલ એપ્લીકેશન સરળતાથી ડાઉનલોડ કરીને ગાંધીનગર પોર્ટલ પરથી સઘળી જાણકારી-માહિતી મેળવી શકાય છે.

ગાંધીનગર પોર્ટલ વેબસાઈટ ઓનલાઈન થવાને કારણે અમેરિકા, ઓસ્ટ્રેલિયા, યુકે, યુએઈ, કેનેડા તથા જર્મની જેવા વિવિધ દેશો તરફથી ગાંધીનગર તરફથી ઉત્સાહપૂર્વક ફિડબૅક સાંપડેલ છે, જે ગાંધીનગર પોર્ટલની સફળતાની ચરમસીમા છે !

ગાંધીનગર કલ્ચરલ ફોરમનો ગ્રીષ્મોત્સવ, સાહિત્યોત્સવ, ગુજરાત ટ્રાવેલ માર્ટ-૨૦૧૨, પ્રોપર્ટી એક્ષ્પો-૨૦૧૨, ગાંધીનગર પરિક્રમા, રથયાત્રા, વિશ્વ સંગીત દિવસ (શિવરંજની) તથા ગુજરાતના સ્થાપના દિન ૧ લી મે, ૨૦૧૨ - આ બધા ગાંધીનગરના શિરમોર ઉત્સવો, કાર્યક્રમો ગાંધીનગર પોર્ટલ ઉપરથી ઓનલાઈન કરવામાં આવતાં દર્શકોનો જબ્બર પ્રતિસાદ ગાંધીનગર પોર્ટલને સાંપડેલ છે, જેનો સઘળો યશ ગાંધીનગરની જાગૃત જનતાને ફાળે જાય છે.

- રમણ વાઘેલા